


તમારા ભાઈ સાથે મેં છૂટાછેડા લઈ લીધા એટલે આ જાતે કામ કરવું પડે છે, બાકી રાંધણ છઠના દિવસે એ મને એટલી મદદ કરાવતા કે વાત ન પૂછો !

## ભક્તોએ ભગવાનના ભેદ કરવા નહીં



શિવ મહિમ્ન સ્તોત્રમ્‌ના સત્સંગ કરાવતાં પૂ. ગુરુમાએ કહ્યું છે કે, આ શ્લોકમાં ભગવાનની ઉત્કૃષ્ઠ એવી શિવભક્તિ બતાવેલ છે. ભગવાન શિવની ભકત વત્સલતા અને ઉદારતા દર્શાવે છે. વિષ્ણુ ભગવાનની શિવભક્તિનું વર્ણન કરેલ છે.

આપણા શાસ્ત્રો ભગવાનમાં કોઈ ભેદ નથી એ બતાવે છે. માટે ભક્તોએ ભગવાનના ભેદ કરવા નહિં. ભેદભાવ રાખવામાં આવતો હોય તો અણસમજણનું પરિણામ છે. પોતાના ઈષ્ટદેવને ધારણ કરૂ, પ્રણામ કરૂ તે બરાબર છે પણ બીજાના ઈષ્ટના મંદિરે ન જાઉં કે પ્રણામ ન કરૂ તે બરાબર નથી. ભગવાનનું જે રૂપ મનભાવન લાગે, જેની સાથે આત્મીયતાથી વ્યવહાર કરી શકુ તેને ઈષ્ટદેવ તરીકે સ્થાપિત કરૂ ચે મનને એક જગ્યાએ ટકાવી રાખવા માટે એક ઈષ્ટદેવને પકડી રાખો તે જરૂરી છે. પરંતુ અન્યના દેવનો અનાદર કરવો નહિ. મનની સ્થિરતા માટે. જપ-તપ આદિ નિશ્ચિંત રૂપે કરવા માટે અને ભક્તિ વધારવા માટે એક જ ઈષ્ટદેવ નિશ્ચિંત કરો. પણ જડતાથી નહિ. જડતાથી ભગવાન ખુશ થતા નથી.

બ્રહ્માજી સર્જનહાર તરીકે વિષ્ણુ ભગવાન પાલનહાર તરીકે અને રૂદ્ર સંહારનું કાર્ય કરે છે. આ ત્રણેયમાં અઘરૂં કામ પાલનનું છે. સૃષ્ટિ કરવી કે તેનો સંહાર કરવો તે કઠીન નથી. પરંતુ સમગ્ર સૃષ્ટિના જીવોનું પાલન કરવું, નિયમન કરવું, દરેક જીવને પોતાના કર્મો- કર્મફળોની વ્યવસ્થા, ધર્મનું રક્ષણ, વિગેરે કાર્ય કઠીન છે. આ બધાનું બરાબર નિયંત્રણ કરવા વારંવાર અવતાર ધારણ કરીને ભગવાન વિષ્ણુને પૃથ્વી ઉપર આવવું પડે છે. ભગવાન આ બધુ કરવા શક્તિ ક્યાંથી મેળવતા હશે.

આ બધુ શિવકૃપાને કારણે જ વિષ્ણુ બધું કરી શકે છે. શિવજીએ વિષ્ણુ ભગવાનને એવું તો શું આપ્યું કે તે સુતા સુતા આ બધું કરી શકે છે. આ સૃષ્ટિનું પાલન થઈ શકે છે.

ભગવાન વિષ્ણુ કાશીમાં વાસ કરતા હતા. ત્યારે રોજ રોજ શિવજીની પૂજા કરતા હતા અને રોજ એક હજાર કમલપુષ્પોથી સહસ્ત્રનામ અર્ચના કરતા હતા. આ બધુ કાર્ય ભગવાન વિષ્ણુ જાતે કરતા હતા. એક દિવસ પૂજા કરતાં એક કમલ પુષ્પ ઓછું થઈ ગયું તો સંકલ્પ કેવી રીતે પુરો કરી શકું. ભગવાન વિષ્ણુને આપણે કમલ નયનસ પુંડિરિકાક્ષ નામથી પણ ઓળખીએ છીએ. એક કમલ ઓછું પડતાં વિષ્ણુ ભગવાન પોતાની આંખને શિવ ચરણમાં અર્પણ કરે છે. એક હજાર પુષ્પ માંથી શિવજીએ એક કમળ ચોરી લીધું હતું. ત્યારે શિવજી વિષ્ણુ ભક્તિથી પ્રભાવિત થઈ વિષ્ણુ ભક્તિમાં જે ઉદવેગ ઉછાળો આવ્યો હતો. તે ચક્ર રૂપે પ્રદાન થઈ ગયું. શિવજીએ ચક્ર આપતા તે ચક્રથી જ ત્રિભુવનની રક્ષા થઈ રહેલ છે. ભક્તિ જ ચક્ર બની ગઈ.

આપણને આપણી સામાન્ય માન્યતા મુજબ એવું લાગે કે ભગવાન વિષ્ણુ વધારે કમળ લઈના બેસી શક્યા હોત. અથવા એકાદ કમલને બદલે અન્ય પુષ્પ અર્પણ ન કરી શક્યા હોત. જેમ આપણે પુષ્પ અર્થે અક્ષતાન સમર્પયામિ કરીએ છીએ.

જ્યારે શાસ્ત્રોકત અને વિધિવત બધું કરવામાં આવતું હોય ત્યારે મનમાની ચાલે નહિ. જો સંકલ્પ કરી કરવામાં આવે તો સંકલ્પની અનુરૂપ ચાલવું પડે. અને વિધિ પૂર્વક કરવાનું હોય તો સંકલ્પ પણ કરવો જ પડે. સંકલ્પ બહુ મહત્વનો છે. વિધિમાં નિર્ધારીત સમયનું પણ ધ્યાન રાખવું પડે. સૂર્યોદય પહેલાં યજ્ઞ કરવાનો હોય તો સૂર્યોદય થાય તે પહેલાં સંપન્ન થવો જાઈએ. સૂર્યોદય કાલે યજ્ઞ કે વિધિ કરવાની હોય તો સૂર્યોદય પુરો થઈ જાય તે ચાલે નહિ. ભગવાન એક

• અનુસંધાન છઠ્ઠા પાને

# યુવાનોને રાષ્ટ્રના નિર્માણ માટે રચનાત્મક દિશા આપવી જોઈએ

## રાજ્યમાં ૫૦૦ જેટલી યુવા સંસ્થાઓને મૅન્ટર યુથ ક્લબ તરીકે પસંદ કરી યુવા વિકાસ અંગેનાં માહિતી કેન્દ્રો સ્થાપવામાં આવશે

ગાંધીનગર, તા. ૮

ભારત દેશ એ યુવાનોનો દેશ છે, તેમને રાષ્ટ્ર નિર્માણ કાર્યક્રમ માટે રચનાત્મક દિશા આપવી જોઈએ.

અમદાવાદ ખાતે શનિવારે સવારે રોડ ટ્રાન્સપોર્ટ અને નેશનલ હાઈવે વિભાગના કેન્દ્રીય મંત્રી તુષારભાઈ ચૌધરીએ આ શબ્દો ઉચ્ચાર્યા હતા. ટાઉનહૉલ ખાતે નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર અને અમદાવાદ આયોજિત યુવા સંમેલનમાં ઉદ્‌ઘાટક તરીકે પ્રવચન કરતાં તેમણે આ શબ્દોનું ઉચ્ચારણ કર્યું હતું. આ યુવા સંમેલનનો મુખ્ય ઉદ્દેશ રાષ્ટ્ર ઘડતરમાં



યુવકોની ભૂમિકા અને નહેરૂ યુવા કેન્દ્રના કાર્યક્રમોની જાણકારીથી વાકેફ કરવા એ હતો, સંમેલનમાં રાજ્યભરના વિવિધ જિલ્લાઓમાંથી બે હજાર યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ, હરિયાણાના સાંસદ અશોક તન્વર તથા અધ્યક્ષ તરીકે નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન, ભારત સરકારના ડિરેક્ટર જનરલ સલીમ અહેમદ ઉપસ્થિત રહ્યા હતા.

સલીમ અહેમદે ગુજરાતના યુવકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે રાજ્યના યુવકોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે રાજ્યમાં ૫૦૦ જેટલી યુવા સંસ્થાઓને મૅન્ટર યુથ ક્લબ તરીકે પસંદ કરી યુવા વિકાસ અંગેનાં માહિતી કેન્દ્રો સ્થાપવામાં આવશે. ગાંધીજીનો શાંતિ અને અહિંસાનો સંદેશ દુનિયાના યુવાઓ સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં કશ્યપ નિમાવતની આગેવાનીમાં ગાંધીનગરની કલા સંસ્થા જી ઈ ક્લબના દ્વારા સાંસ્કૃતિક કૃતિઓની રજૂઆત કરવામાં આવી હતી. દિવ્યકાન્ત વર્માના નૃત્ય નિર્દેશનમાં કુ. રિયા નિમાવત દ્વારા પ્રાર્થના તથા સ્વાગત નૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. અને કલ્યાણી શર્મા, બ્રિજરાજસિંહ ઝાલા, ઋષિકેશ ઠાકર, ગૌરવ પોપટ, દિપેન રાવલ, કેયુર શ્રીમાળી તથા સલીમ મેમણ દ્વારા કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત રાષ્ટ્રીય એકતા વિષયક નાટક 'મા તુજે સલામ' પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેને ભરપૂર પ્રશસ્તિ મળી હતી.

આ પ્રસંગે યુવા અગ્રણી મિહીરભાઈ શાહ, દિવ્યેશ દેસાઈ, નિવૃત્ત સનદી અધિકારી પી કે વાલેરા, એનએસએસના ડિરેક્ટર કમલકર, પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોના ડિરેક્ટર પુરબિયા, નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગરના પૂર્વ નિયામક એન એલ પરમાર અને યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધ્રુપદ જોશીએ કર્યું હતું.

સંમેલન પછીના દિવસે એટલે કે રવિવારે એનેક્ષી, અમદાવાદ ખાતે નહેરૂ યુવા કેન્દ્રના અધિકારીઓની એક રિવ્યૂ મિટીંગ પણ રાખવામાં આવી હતી, જે પછી અધિકારીઓએ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. ગુજરાત રાજ્યમાં યોજાનાર વિવિધ કાર્યક્રમો અંગેની વિસ્તૃત માહિતી આ પ્રસંગે આપવામાં આવી હતી.

### લીઓ-લાયન્સ ક્લબ અને જય શ્રીકૃષ્ણ પરિવાર દ્વારા

# જન્માષ્ટમી મહોત્સવ અને બાળકો માટે વેશભૂષા હરિફાઈનું આયોજન

ગાંધીનગર, તા. ૮

લીઓ/લાયન્સ ક્લબ ગાંધીનગર તથા જય શ્રીકૃષ્ણ પરિવાર, સેકટર-૨૯ દ્વારા આયોજીત ભવ્ય જન્માષ્ટમી મહોત્સવ (મટકી ફોડ)નું આયોજન તા. ૧૦-૮-૨૦૧૨ના શુક્રવારના રોજ રાત્રે ૮ થી ૧૦ વાગ્યાના સમય દરમ્યાન જય શ્રીકૃષ્ણ પરિવાર ચોક, 'ઘ-૬' કોર્નર, સેક્ટર-૨૯ ખાતે રાખવામાં આવેલ છે.

મહોત્સવ અંતર્ગત પાંચ વર્ષ સુધીની વયના અને ૬ થી ૧૦ વર્ષ સુધીના બાળકો માટે બાળકૃષ્ણ વેશભૂષા હરિફાઈ રાખેલ છે. ૨૦૦૦ દિવડાની વચ્ચે રાસ-ગરબા અને મુંબઈની માફક મટકીફોડ રાખેલ છે. જેની ઉંચાઈ ૨૨ થી ૨૫ ફૂટ સુધીની રહેશે.

ઉપરોક્ત કાર્યક્રમ માણવા માટે જાહેર જનતાને આમંત્રણ છે. બાળકૃષ્ણ હરિફાઈ ફ્રી રજીસ્ટ્રેશન કરાવવા માટે (૧) અનિલ જયસિંઘાણી (૯૪૨૬૩૩૦૪૭૦) અથવા પદમસિંહ ચૌહાણ (૯૮૨૪૪૧૫૮૮૭)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉમા આર્ટસ કોલેજમાં સંસ્કૃત સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલી ઉમા આર્ટસ એન્ડ નાથીબા મહિલા કોમર્સ કોલેજમાં તાજેતરમાં સંસ્કૃત વિભાગ દ્વારા 'અ શોર્ટ ટર્મ સર્ટિફિકેટ કોર્સ ઈન સંસ્કૃત' તથા સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. કોલેજની વિદ્યાર્થીનીઓએ સંસ્કૃત સપ્તાહમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સંસ્કૃત પત્રકારિતા, હસ્તપ્રતવિદ્યા, દર્શન સાહિત્ય, ભારતીય સંસ્કૃતિમાં સોળ સંસ્કારો જેવા વિવિધ વિષયો પર મનનીય વ્યાખ્યાનો માણ્યા હતા. સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરતી ૭૦ જેટલી વિદ્યાર્થીનીઓએ આ કોર્સમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સાત દિવસ સુધી ચાલેલા આ કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગના અધ્યાપકો દ્વારા વિવિધ વિષયો પર વ્યાખ્યાનો રજૂ કર્યા હતા. વાસ્તુ એકસપર્ટ દિગ્નેશભાઈ રાવલે વિદ્યાર્થીનીઓને વાસ્તુશાસ્ત્ર અંગે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. સંસ્કૃત સપ્તાહની ઉજવણી અંતર્ગત વિદ્યાર્થીનીઓ માટે સ્તોત્રગાન, શ્લોકગાન સ્પર્ધા, કવીઝ સ્પર્ધા, નિબંધ લેખન સ્પર્ધા, ગરબા સ્પર્ધા, સમૂહગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ગાંધીનગર ચૌધરી મહિલા કોલેજનાં સંયુક્ત વિભાગના અધ્યક્ષા ડૉ. મીનાબેન વ્યાસ તથા ડૉ. રાકેશભાઈ પટેલે સેવા આપી હતી. સમાપન કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. યોગિનીબેન વ્યાસે સંસ્કૃત ભાષાના માહાત્મ્ય વિશે ઉદબોધન કર્યું હતું. ડૉ. રૂપાબેન ચાવડા તથા પ્રો. જયરામભાઈ પટેલે પણ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. સંસ્થાના આચાર્યા ડૉ. અમૃતાબેને તમામ વિદ્યાર્થીનીઓને આશીર્વચન પાઠવ્યા હતાં.

## ડુંગરી ગરાસીયા ભકિત સંગીત પરિવાર ૧૦મીએ જન્માષ્ટમી પર્વની ઉજવણી કરશે

ગાંધીનગર, તા. ૮

ડુંગરી ગરાસીયા ભકિતસંગીત પરિવાર ગાંધીનગરના સભ્ય હીરાલાલ ખરાડી બ્લોક નં. ૨૫/૫, ચ ટાઈપ, સેકટર-૨૯, ગાંધીનરના નિવાસ સ્થાને તા. ૧૦મી ઓગષ્ટ ૨૦૧૨ના રોજ રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન જન્માષ્ટમી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.


આ કાર્યક્રમમાં ભિલોડાના ધોલવાણી ભૂતાવડ ગામના સંતો-ભકતો પણ હાજર રહેશે.

કૃષ્ણ જન્મોત્સવના આ કાર્યક્રમમાં સૌ ભકતજનોને પધારવા પરિવાર તરફથી ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## કેફિયત કલા સાધકની

- આશા સરવૈયા

# ગાંધીનગરના આજીવન અભિનેતા શિરીષભાઈ આચાર્ય



૧૯૭૩, અમદાવાદમાં કામદાર કલ્યાણ બૉર્ડ દ્વારા આયોજિત એકાંકી નાટ્ય સ્પર્ધામાં 'શાહજહાં' નાટક ભજવાય છે. શાહજહાંની ઉત્તમ ભૂમિકા ભજવવા બદલ નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહેનાર રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મના જાણીતા કલાકાર દિના પાઠકે તે કલાકારની અભિનયક્ષમતાથી પ્રભાવિત થઈને તેમને મુંબઈ આવીને ગુજરાતી ફિલ્મમાં કામ કરવાનું આમંત્રણ આપ્યું હતું. આ કલાકાર એટલે ગાંધીનગરના સિનીયર કલાકાર શ્રી શિરીષભાઈ તુળજાશંકર આચાર્ય.

શિરીષભાઈનો જન્મ ૧૯૫૩માં વતન ગઢડા (સ્વામિના) જિ. ભાવનગર ખાતે. પ્રાથમિક શાળાભ્યાસ દરમ્યાન માત્ર ૧૩ વર્ષની ઉંમરે જ રંગમંચ પર પ્રથમ પાગરણ. ભાવનગર જિલ્લા આંતરશાળાકીય નાટ્યોત્સવમાં પોતાની શાળા વલ્લભીપુર પ્રાથમિક શાળામાંથી જયભિખ્ખુ લિખીત નાટક 'પતિત પાવન'માં રાજકુમારની ભૂમિકા ભજવીને શિરીષભાઈનો નાટ્યક્ષેત્રે રાજ્યાભિષેક થયો. એટલું જ નહીં, રાજકુમારની ભૂમિકામાં ઉત્તમ અભિનયનું ઈનામ મેળવીને નાટ્યજગત પર રાજ કરવાનું પણ શરૂ થયું. શિરીષભાઈનો અભિનય જોઈને પોતાની શાળા ઉપરાંત ભાવનગરની અનેક શાળાના શિક્ષકોએ તેમની ખૂબ સરાહના કરી. ગુરૂવર્યોના પ્રોત્સાહન અને આશીર્વાદથી નાટ્યક્ષેત્રે શિરીષભાઈની સફર આગળ ચાલી.

શાળાભ્યાસ દરમ્યાન જ પિતાજીની બદલી થતાં ૧૯૬૮માં અમદાવાદ આવી વસ્યા, જ્યાં ઠક્કરબાપા સ્કૂલ અને મોડર્ન હાઈસ્કૂલમાં અભ્યાસ કર્યો. નાટકોની સાથે એકપાત્રીય અભિનમયમાં પણ નિપુણતા મેળવી અને એકપાત્રીય અભિનય સ્પર્ધાઓમાં ભાગ લઈ ઈનામો પ્રાપ્ત કર્યા. સરસપુર ઈ કોલોનીના વસાહત મંડળ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી એકાંકી નાટ્ય સ્પર્ધામાં પણ વિવિધ રોલ ભજવીને પ્રશંસા પ્રાપ્ત કરી. જ્યારે એકપાત્રીય અભિનયમાં શિરીષભાઈએ દાનવીર કર્ણ અને પછી રામુનો મંદિર પ્રવેશનાં પાત્રો ભજવીને આ ક્ષેત્રે જબરી સફળતા પ્રાપ્ત કરી અને વસાહત મંડળના કાર્યક્રમોમાં શિરીષભાઈએ પોતાનું સ્થાન નિશ્ચિત બનાવી લીધું.

૧૯૭૩માં અમદાવાદની એક મીલના વહીવટી સ્ટાફમાં નોકરીમાં જોડાયા. કામદાર કલ્યામ કેન્દ્ર દ્વારા પણ અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાતાત જે દરમ્યાન સ્વ. દિના પાઠક સરાહનીય શાહજહાંનું પાત્ર ભજવીને શિરીષભાઈએ ઉત્તમ અભિનયનું ઈનામ મેળવ્યું અને દિના પાઠકના મુંબઈના આમંત્રણ છતાં પિતાજીની આજ્ઞાને માન આપીને સરકારી નોકરી સ્વીકારી. અને ૧૯૭૪થી ગાંધીનગર આવી વસ્યા. અહીં પણ પોતે કલાનો જીવ હોવાથી નાટ્યક્ષેત્રે આગળ ને આગળ એક પછી એક સોપાનો સર કરતા ગયા.

એ જ અરસામાં ગુજરાતી રંગભૂમિની સવાશતાબ્દી ઉજવણી નિમિત્તે અમદાવાદ મ્યુનિસીપલ કૉર્પોરેશન આયોજિત પ્રાચીન નાટકોની શૃંખલામાં ભાગ લેવાની શિરીષભાઈને તક મળી. અહીં તેઓ પ્રખ્યાત નાટ્યવિદ શ્રી જશવંત ઠાકર અને તેમના સહાયક દિગ્દર્શક શ્રી મહેન્દ્ર ઉપાધ્યાયના સંપર્કમાં આવ્યા અને પોતાના પ્રથમ ગુરૂ શ્રી જશવંત ઠાકરના દિગ્દર્શનમાં પૃથ્વીરાજ ચૌહાણ (પ્રભુલાલ દ્વિવેદી લિખિત), શર્વિલક, મૃચ્છકટિક જેવા પૌરાણિક અને પ્રયોગાત્મક નાટકોમાં નાની પણ મહત્ત્વની ભૂમિકાઓ શિરીષભાઈએ ભજવી. ૧૯૮૧માં સચિવાલય સેવામાં જોડાયા બાદ શિરીષભાઈએ અંગત મિત્ર શ્રી ઉદય બ્રહ્મભટ્ટના સૌજન્યથી અને નાટ્યગુરુ શ્રી પ્રકાશ લાલા દિગ્દર્શિત નાટક પત્તાંની જોડમાં ધનસુખલાલની ભૂમિકા અને 'ઘરનો દીવો'માં પશા પટેલની ભૂમિકા ભજવીને ગાંધીનગરની રંગભૂમિ પર ઊડાન ભરવાનું શરૂ કર્યું.

• અનુસંધાન છઠ્ઠા પાને

# કલા ગુર્જરીના સિતારોં સે આગે કાર્યક્રમમાં જૂના હિન્દી ફિલ્મી મેલોડિયસ ગીતોને 'સ્વીટ ૬૦' ગાયકોએ હૃદયપૂર્વક સજાવ્યો

## હિન્દી ફિલ્મી ગોલ્ડન એરાના સદાબહાર વીણેલાં મોતી જેવા ગીતોએ પ્રેક્ષકોને સંગીતના સુવર્ણકાળની યાદ અપાવી : કિશોર કુમારના 'જીવન કે સફર મેં રાહી, મિલતે હૈં બિછડ જાને કો' ગીત દ્વારા સુરીલા જન્મદિનની શુભેચ્છા અપાઈ

માત્ર રેડિયોના જમાનામાં બિનાકા ગીત માલા સિલોન સ્ટેશન પરથી અમીન સાયાનીના ઘેરા અવાજમાં ગીતોના અવનવાં પાસાની છણાવટ રજૂ થતી. બિનાકાએ જ્યારે એની ૨૫ વર્ષની સફર પુરી કરેલી ત્યારે જે કાર્યક્રમ રજૂ કરેલો અને વીણીવીણીને જે ગીતો પીરસેલા બસ એવી જ યાદ 'કલા ગુર્જરી'એ રજૂ કરેલા 'સિતારોં સે આગે-૨'માં તરોતાજા થઈ ગઈ... અત્યારે આમેય ધૂમ-૨, ડૉન-૨, જીસ્મ-૨ ચાલે છે એમ કલા ગુર્જરીએ પણ સિતારોં સે આગે-૨ની મધુરી રજૂઆત કરી સાંપ્રત સમયને અનુસર્યા...

આજની મેચમાં સચિન નહીં રમે જેવો આંચકો કાર્યક્રમને શરૂ કરતાં જ મુંજાલ રાવલે આપ્યો કે અનિવાર્ય કારણોને લઈ આજના કાર્યક્રમનું રસદર્શન કરવા કવિ હર્ષ બ્રહ્મભટ્ટ હાજર રહી શક્યા નથી અને એમના બદલે આપણા જ શહેરના રેડિયો આર્ટીસ્ટ નેહલ ગઢવી કાર્યક્રમનું સંચાલન કરશે. મુંજાલભાઈ તો મૂંઝવણમાં મૂકી ચાલ્યા ગયા અને હવે આ નવો ખેલાડી કેવું પ્રદર્શન કરશે એની ઉત્સુકતા દર્શકોમાં હતી, પણ નેહલ ગઢવીએ પહેલો જ શેર જોરદાર મૂકી પ્રતીતિ કરાવી દીધી કે હર્ષ બ્રહ્મભટ્ટની ગેરહાજરી વર્તાવા નહીં દે !!

મદમસ્ત ચાંદની ભરી રાતમાં 'યે રાત યે ચાંદની ફિર કહાં...' જેવું હેમંત કુમારનું જાલ ફિલ્મનું એવરગ્રીન ગીત નવીનભાઈ પટેલે રજૂ કરી જૂના હિન્દી ફિલ્મી ગીતો 'સ્વીટ ૬૦'નું ધમાકેદાર ઓપનીંગ કરાવ્યું. ૧૯૫૨માં આવેલી આ ફિલ્મના ગીતકાર સાહિર લુધિયાનવી અને સંગીતકાર એસ ડી બર્મન, ૧૯૪૫ થી ૧૯૭૫ના ગાળામાં જે ગીતકાર-સંગીતકારનો સુવર્ણકાળ હતો એ આજે ભવ્ય ભૂતકાળ વાગોળતાં જ દિવસો રહી ગયા છે...

રાતનો સિલસિલો આગળ વધારતાં ભીગી રાતનું મજરૂહ-રોશનના ગીત-સંગીતબદ્ધ ૧૯૬૫નું ટોપ રહેલું ગીત 'દિલ જો ના કહે સકા...' બિપીનભાઈ વૈદ્યે અવાજના વેરીએશનમાં ગાઈ મોહંમદ રફીને




કલા ગુર્જરીએ ૪થી ઑગષ્ટે આ કાર્યક્રમ યોજ્યો જે દિવસે વર્સેટાઈલ સિંગર કિશોર કુમારનો જન્મદિવસ અનાયાસે હતો અને હાર્મોનિયમ પર સંગીત સંચાલન કરી રહેલા અનિલભાઈ ધોળકિયાએ 'મેરે મહેબૂબ કયામત હોગી...'થી કિશોરને શ્રધ્ધાંજલી અર્પી પ્રેક્ષકોની તાળીઓની દાદ મેળવી લીધી...

### ઉઘડતે પડદે

- સંજય થોરાત

હેમંતકુમાર-લતાનું 'છુપા લો યું દિલ મેં પ્યાર મેરા...'નું 'મમતા' ફિલ્મનું ૧૯૬૬નું ગીત એના ઠહરાવથી લોકોને ગમી ગયું... ૧૯૪૭ના 'દો ભાઈ'નું 'મેરા સુંદર સપના બીત ગયા...'નું ગીતા દત્તનું ગીત શોભના વ્હોરા મજાથી ગાયું !

જૂના ગીતોની આ સુરીલી સફરમાં ૧૯૬૨માં પ્રૉફેસરનું 'આવાઝ દેકે હમેં તુમ બુલાઓ...'માં રફી-લતાનું યુગલ ગીત બિપીનભાઈ-અમીતાબેને ગાઈને રાતને જનાવતાં લાગ્યાં... ગાયકીનો અલગ અંદાજ ધરાવતા તલત મહેમૂદનું ૧૯૫૯નું સુજાતા ફિલ્મનું 'જલતે હૈં જિસકે લિયે...' ગીત નવીનભાઈ પટેલે ગાઈ એમની ગાયકીમાં ચાર ચાંદ લગાવી દીધા...

શાહજહાં ફિલ્મનું કે એલ સાયગલનું ગાયેલું ગીત 'ગમ દીયે મુસ્તકીલ...' ગીત પ્રજ્ઞાચક્ષુ ધીરૂભાઈ દેસાઈએ ગાઈને બ્લેક-વ્હાઈના અફલાતુન ગીતમાં પ્રેક્ષકોને ડુબકી મરાવી ડોલાવી દીધાં... વન્સમોરથી ગાજી ઊઠેલા હોલમાં 'વન મોર' કરી ધીરૂભાઈએ જગમોહનનું ગાયેલું 'દિલ કો હૈ તુમસે પ્યાર ક્યું...' ફરી એ જ જોરદાર તાળીઓથી પોરસાયેલાં ધીરૂભાઈએ એ પછી 'તુમ્હે જિંદગી કે ઉજાલે મુબારક...'ના સળંગ બેક ટુ બેક ત્રણ જૂના કાળીથાળી વાળા રેકર્ડના જમાનાના ગીતો આપી મજા કરાવી દીધી...

જૂના સદાબહાર ગીતો અને એના રસીલા સંગીતમાં તરબોળ પ્રેક્ષકોને એક વાત મૂંઝવતી હતી કે 'સ્વીટ ૬૦' લખ્યું છે ને ગીતો તો છેક ૧૯૪૫ સુધીના વગાડે છે ! કેટલાક જાગૃત પ્રેક્ષકોએ તો અગાઉથી પકડી પાડ્યું કે જેટલાં ગાયકો આવે છે અ બધાં ૬૦ની ઉપરનાં આવે છે એટલે



કદાચ સ્વીટ ૬૦ લખ્યું હશે... અત્યાર સુધી રજૂ થયેલા ગીતોના કલાકારોથી પ્રેક્ષકોમાં થોડો ગણગણાટ હતો કે કલા ગુર્જરીએ કલાકારો કેમ નામી ના બોલાવ્યા પણ શરદભાઈ વ્યાસે દસેક મિનીટમાં એમના કલાકાર પરિચયમાં એ શંકાનું સમાધાન કરી નાંખ્યું. ગયા વર્ષે સિતારોં સે આગે કાર્યક્રમમાં એમણે રફી, લતા, આશા, કિશોર અને મુકેશ સિવાયના ગીતો રજૂ કરવાનો સફળ પ્રયોગ કરેલો એમ આ વખતે માત્ર સિનીયર સિટીઝન એટલે કે સ્વીટ ૬૦નો એક ફરી નવો પ્રયોગ કર્યો.

નવાં ગીતો તો સૂરજમુખી જેવાં છે સવારે ખીલે અને સાંજે કરમાઈ જાય ત્યાં જૂના ગીતો સદાકાળ છે એમ કહી ૫૫થી ૭૦નાં ફિલ્મી ગોલ્ડન એરાના ગીતો એમણે એ જ કાળનાં ગાયકો પાસે ગવડાવવાનો પ્રયોગ કર્યો. આ બધાં ગાયકો માત્ર કંઠથી નહીં પણ દિલથી ગાય છે એમ કહી એમને પોંખ્યા, શરદભાઈ જો આ ચોખવટ ના કરી ગ્યા હોત તો કદાચ આ કાર્યક્રમની મૂલવણીમાં થાપ ખાઈ જવાત... કાર્યક્રમના રસદર્શનમાં ઉપસ્થિત ન રહી શકેલા કવિ હર્ષ બ્રહ્મભટ્ટ હિન્દી ફિલ્મોના એનસાઈક્લોપિડીયા છે એમ કહી એમણે ૪૦૦૦ ગીતો તો સ્વહસ્તે લખીને સંગ્રહેલાં છે. એમની ગેરહાજરીને વસવસો જાહેર કરી અત્યાર સુધી કચવાતા મને કાર્યક્રમ જોઈ રહેલાં પ્રેક્ષકોને શરદભાઈએ હળવાં કરી દીધા અને પછી તો

• અનુસંધાન છઠ્ઠા પાને